## પશુ સંવર્ધન થકી ઓલાદ સુધારણા કાર્યક્રમ સુરસાગર ડેરીની અનોખી પહેલ

પશુપાલન થકી દૂધ ઉત્પાદનના ધંધાને વધુ પોષણક્ષમ બનાવવામાં વધુ દૂધ આપતી ઉત્તમ ગાયો-ભેંસોનું ખુબજ મહત્વ છે. હાલના સમયમાં જ્યારે મોંઘવારી ચરમસીમાએ પહોંચી છે ત્યારે ખેડૂતો વૈજ્ઞાનિક પશુપાલન થકી આ ધંધાને વ્યવસાયીક પશુપાલન તરફ લઈ જઈ રહ્યા છે. જેથી રૂઢીચુસ્ત પદ્ધતિઓને ત્યાગી હાલ ખેડૂતો પશુપાલન દ્વારા વધુને વધુ આવક કેવી રીતે મેળવવી તેના માટે પ્રયત્નો કરતા હોય છે. પશુપાલકોના આ હેતુમાં સાથ આપવા સુરસાગર ડેરીએ અનોખી પહેલ કરી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માં વાછરડી ઉછેર કાર્યક્રમ અને સેક્સ્ડ સીમેન ડોઝ દ્વારા પશુ સંવર્ધનના પ્રોગ્રામ ચાલુ કર્યા છે.

ખેડૂતો પોતાના ત્યાં રહેલી વધુ ઉત્પાદનશીલ ગાયો-ભેંસોમાંથી વધુમાં વધુ પાડી-વાછરડી પેદા કરવામાં આવે તો સારી ઓલાદની ગાયો-ભેંસો વધારીને વધારે દૂધ મેળવી શકાય. સામાન્ય બિજદાન અથવા કુદરતી સાંઢથી ગાભણ પશુઓથી સરેરાશ ૪૫% થી ૫૦% પાડી-વાછરડી જન્મે છે. પરંતુ સુરસાગર ડેરી દ્વારા આપવામાં આવતા સેક્સ્ડ સોર્ટેડ ડોઝથી બિજદાન થકી ૮૫% થી ૯૦% સારી ઓલાદની પાડી-વાછરડીનો જન્મ થાય છે. આ હેતુમાં સફળતા મેળવવા માનનીય ચેરમેન સાહેબ તથા બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીની પ્રેરણાથી પશુપાલકોને સેક્સ્ડ સોર્ટેડ સીમેન ડોઝના બિજદાનમાં રૂા. ૫૫૦/- ની સબસીડી આપી માત્ર રૂા. ૨૦૦/- માં સેક્સ્ડ સોર્ટેડ સીમેન ડોઝથી બીજદાન કરવામાં આવી આવી રહ્યુ છે. તદઉપરાંત બિજદાન થકી જન્મેલ પાડી-વાછરડીઓના સારા વિકાસ માટે ચાલતા વાછરડી ઉછેર કાર્યક્રમમાં ૧૫ કિલો જીવન મિલ્ક રીપ્લેસર(૧૦૦% સહાય), ૫૦ કિલો કાફ સ્ટાર્ટર/વરદાન દાણ(૧૦૦% સહાય), ૩૫૦ કિલો અમૂલ પાવર દાણ (૧૦૦% સહાય) દૂધ સંઘ દ્વારા આપવામાં આવી રહ્યુ છે.





:: પ્રકાશન ::
સહકાર વિકાસ વિભાગ
સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
સુરસાગર ડેરી - વઢવાણ
૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫.
જી. સુરેન્દ્રનગર(ગુજરાત) ફોન : ૭૦૬૯૦ ૧૨૨૭૩ ટોલ ફ્રી નં. : ૭૦૬૯૦ ૧૨૨૧૪
E-mail : sursagardairy@sursagardairy.coop
Website : www.sursagardairy.com

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
શ્રી .............................. દૂ. ઉ. સહ. મંડળી લી.
મુ. .............................. તા. ..............................
બી.એમ.સી. .................. ચી.સેન્ટર ..................





# સુરસાગર પત્રિકા

સંઘ સાથે સંકળાયેલ દૂધ મંડળીઓ તથા તેના ઉત્પાદકો માટે જ (પ્રાઈવેટ સરક્યુલેશન)

વર્ષ : ૨૦૨૧
અંક : ૧

◆ મુખ્ય સલાહકાર ◆
ગુરદિત સિંગ
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

◆ સંપાદક મંડળ ◆
એન. કે. પટેલ
વનરાજસિંહ ચાવડા
ડો. પરીમલ




## વૃક્ષારોપણ

### માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૧ માં જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજયના ગૃહ રાજયમંત્રી માનનીય શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન

ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૧ માં જન્મદિવસને સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત સતત ૨૦ દિવસ સુધી વૃક્ષારોપણ તથા જન ઉપયોગી કાર્યો કરવાનુ નક્કી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત રાજયના ગૃહ રાજયમંત્રી માનનીય શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબ, વઢવાણ તાલુકાના ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ સાહેબ, સુરેન્દ્રનગર જિલ્લા પ્રભારી શ્રીમતિ નીમુબેન બામ્ભણીયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી જગદીશભાઈ મકવાણા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી જયેશભાઈ પટેલ, દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, દૂધ સંઘના ડીરેક્ટરશ્રી મંગળસિંહ પરમાર તથા દૂધ સંઘના એમ.ડી. શ્રી ગુરૂદિતસિંગ વગેરે મહાનુભાવો ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ.

અગાઉ ૨ વર્ષ પહેલા જાપાનની મીયાવાંકી પદ્ધતિ થી કૃત્રિમ જંગલ તૈયાર કરવામાં આવેલ જેના સારા પરિણામ મળતા માનનીય વડાપ્રધાન શ્રી નેરન્દ્રભાઈ મોદી સાહેબના ૭૧ માં જન્મદિવસ નિમિતે મીયાવાંકી પદ્ધતિથી બીજુ કૃત્રિમ જંગલ તૈયાર કરવા ૨૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. આ પ્રસંગે દૂધ સંઘના ડીરેક્ટરોની હાજરીમાં અન્ય મંડળીઓ ઉપર પણ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં ૨૦,૦૦૦/- વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમને સતત ૨૦ દિવસ સુધી ચલાવી દૂધ મંડળીઓના સાથ અને સહકાર થી ૧ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે.





# દૂધ સંઘની વાર્ષિક સાધારણ સભા




સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરીની ૪૬ મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૫/૦૯/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જોલી એન્જોય વોટરપાર્ક, ચોટીલા-અમદાવાદ હાઈવે, નેશનલ હાઈવે નં. ૮-એ, મુ. મઘરીખડા, તા. ચોટીલા ખાતે દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડના અધ્યક્ષ સ્થાને મળી જેમાં મોટી સંખ્યામાં દૂધ મંડળીઓના પ્રતિનિધિઓએ હાજરી આપી.

ચેરમેનશ્રીએ અધ્યક્ષ સ્થાનેથી વાર્ષિક સધારણ સભાને સંબોધિત કરતા દૂધ સંઘની વર્ષ દરમ્યાનની પ્રવૃતિઓનો અહેવાલ સભા સમક્ષ રજુ કરેલ તેમજ આવનાર સમયમાં દૂધ સંઘના વિકાસ માટે તથા દૂધ ઉત્પાદકોના લાભાર્થે શરૂ કરવામાં આવનાર પ્રવૃતિઓ અંગે જાણકારી આપવામાં આવેલ. તેમજ તા. ૨૧/૦૯/૨૦૨૧ થી દૂધ ઉત્પાદકોને મળતા દૂધના ભાવમાં પ્રતિકિલો ફેટ દીઠ રૂા. ૧૦/-નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી.

ચેરમેનશ્રીએ તેઓના સંબોધનના અંતે દૂધ સંઘની વિકાસલક્ષી પ્રવૃતિઓમાં તથા રોજીંદા કામકાજમાં જેમના તરફથી સાથ અને સહકાર મળેલ છે તેવા સૌંનો હદયપૂર્વક આભાર વ્યકત કર્યો.

દૂધ સંઘના ડીરેકટર તથા માજી. વાઈસ ચેરમેન શ્રી મંગળસિંહ પરમાર જમીન વિકાસ બેંકની સુરેન્દ્રનગર શાખાના ચેરમેન પદે તથા ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ બોર્ડ ગુ.રા.માં ડીરેકટર તરીકે જંગી બહુમતીથી વિજયી થતાં તેમનું બંડી, પાઘડી પહેરાવીને સમ્માન કરવામાં આવ્યુ

## ઓકસીજન પ્લાન્ટનું લોકાપર્ણ




વિતેલા વર્ષમાં કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે તમામ ધંધા ઉધોગોને ભારે આર્થિક નુકશાન સહન કરવુ પડેલ છે. તેમજ કોરોનાના દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં જગ્યા તેમજ ઓકસીજનની તીવ્ર અછતના કારણે ભયંકર ત્રાસદીનો સામનો કરવો પડેલ તેવા સમયે ગુ.રાજયના વન અને પર્યાવરણ મંત્રી માનનીયશ્રી કિરીટસિંહ રાણા સાહેબ તથા સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના પ્રમુખશ્રી જગદીશભાઈ મકવાણા દ્વારા દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ સમક્ષ લીબડીની શ્રી રામ રાજેન્દ્રસિંહ સાર્વજનીક હોસ્પિટલમાં લીબડી તથા તેના આજુબાજુના ગ્રામજનોના લાભાર્થે ઓકસીજન પ્લાન્ટ સ્થાપવા અંગે દરખાસ્ત મુકેલ. જેનો ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા બોર્ડના તમામ સભ્યો દ્વારા સહર્ષ સ્વીકારી રૂા. ૧૬,૯૦,૦૨૪/- ના ખર્ચે ઓકસીજન પ્લાન્ટ સ્થાપી તા. ૦૭/૦૭/૨૦૨૧ ના રોજ માનનીયશ્રી કિરીટસિંહ રાણા સાહેબના હસ્તે લોકાપર્ણ કરવામાં આવેલ છે. સદર કાર્યકમમાં સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના પ્રમુખશ્રી જગદીશભાઈ મકવાણા, દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, લીબડી સ્ટેટના નામદાર ઠાકોર સાહેબ જયદીપસિંહજી ઉર્ફે જેયુભા, ડેપ્યુટી કલેકટરશ્રી મનીષસિંહ સોલંકી, લીબડી નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ બેલાબેન વ્યાસ, દૂધ સંઘના બોર્ડ ઓફ ડીરેકટરશ્રી નરેશભાઈ મારૂ તથા દૂધ સંઘના એમ.ડી શ્રી ગુરદિતસિંગ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## દૂધ સંઘના સ્વ ભંડોળમાંથી ચલાવવામાં આવતી મરણોત્તર સહાય યોજનામાં ઉમરની કોઈપણ જાતની મર્યાદા સિવાય દૂધ ભરતા તમામ ગ્રાહકોનો સમાવેશ.



દૂધ સંઘ દ્વારા દૂધ ખરીદ વેચાણની પ્રવૃતિ ઉપરાંત સામાજીક જવાબદારીના ભાગરૂપે બીજી કેટલીક યોજનાઓ ચલાવવામાં આવે છે તે પૈકી દૂધ સંઘ તેના પોતાના સ્વ ભંડોળમાંથી સભાસદ મરણોત્તર સહાય યોજના ચલાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત દૂધ મંડળીના જે સભાસદ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ કે તેના અગાઉના નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા ૯૦ દિવસ દૂધ ભરેલ હોય તેવા સભાસદનું કોઈપણ કારણોસર મૃત્યુ થાય તો તેના વારસદારોને રૂા. ૪૫૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.

આ યોજનામાં પણ અગાઉ સરકારી યોજનાઓની માફક સભાસદની ઉંમર ૫૮ વર્ષ કે તેથી ઓછી હોય તેવા સભાસદોને મરણોત્તર સહાય યોજનાનો લાભ આપવામાં આવતો હતો પરંતુ દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ દ્વારા સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી કે મંડળીમાં દૂધ ભરતો ગ્રાહક સરકારી કર્મચારીઓની માફક ૫૮ વર્ષે નિવૃત થતો નથી. પશુપાલક માલધારી હોય કે ખેડૂત જયાં સુધી તેના હાથ-પગ ચાલતા હોય ત્યાં સુધી પ્રવૃતિમય રહેતો હોય છે અને મંડળીમાં દૂધ ભરાવતો હોય છે. આથી તા. ૦૩/૦૧/૨૦૧૯ ના પરિપત્ર નં. ૨૯૮૧ મુજબ તા. ૦૧/૧૧/૨૦૧૭ થી મંડળીમાં દૂધ ભરતા તમામ સભાસદ ગ્રાહકોને ઉંમરની કોઈપણ જાતની મર્યાદા સિવાય મરણોત્તર સહાય ચુકવવાનું શરૂ કરવામાં આવેલ છે. તેમજ તા. ૧૫/૦૯/૨૦૨૧ ના રોજ મળેલ દૂધ સંઘની વા.સા.સભા ના ઠરાવ નં. ૧૦ મુજબ તા. ૧/૦૬/૨૦૨૧ થી મંડળીમાં દૂધ ભરાવતા તમામ ગ્રાહકો(સભાસદ ના હોય તો પણ) ને આ યોજનાનો લાભ આપવાનું નકકી કરવામાં આવેલ છે.

## બ્રાઉન ઘી



અત્યારે હાલમાં સમગ્ર ગુજરાતમાં બ્રાઉન ઘી આણંદ ખાતેની અમુલ ડેરીમાં બનાવવામાં આવે છે. ત્યારબાદ બીજા નંબરે સુરસાગર ડેરી દ્વારા બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે. બ્રાઉન ઘી સામાન્ય ઘી કરતા ઉંચા તાપમાને તૈયાર કરવામાં આવે છે. બ્રાઉન ઘીનો સ્વાદ તથા સુગંધ સામાન્ય ઘી કરતા અલગ હોય છે. બ્રાઉન ઘીનો વપરાશ ખાસ કરીને દક્ષિણ ભારતના રાજ્યો કર્ણાટક, તામીલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશમાં વધારે થાય છે.

સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી દ્વારા તા. ૦૯/૦૮/૨૦૨૧ના રોજ વઢવાણ તાલુકાના ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ સાહેબના હસ્તે બ્રાઉન ઘીના પેકીગ પ્લાન્ટનો શુભારંભ કરવામાં આવ્યો. શુભારંભ સમયે ગુ.રાજયના વન અને પર્યાવરણ મંત્રી માનનીય શ્રી કિરીટસિંહ રાણા સાહેબ, સુરેન્દ્રનગર ડી.કો.ઓપ. બેંકના પ્રમુખશ્રી હરદેવસિંહ પરમાર, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી જગદીશભાઈ મકવાણા, દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, લીબડી નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ બેલાબેન વ્યાસ વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા.

દૂધ સંઘ દૈનિક ૨ ટન બ્રાઉન ઘીનું ઉત્પાદન કરી શકે તેટલી ક્ષમતા ધરાવે છે. બ્રાઉન ઘીને ૨૦૦ એમ.એલ., ૫૦૦ એમ.એલ. તથા ૧ લીટરના પેટજારમાં પેકીગ કરવામાં આવે છે. ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીગ ફેડરેશન લી. તરફથી મળતી સુચના મુજબ બ્રાઉન ઘી ના ઉત્પાદન તથા પેકીગ ની કામગીરી કરવામાં આવશે.